RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 91* Date: 20.01.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# મોદી સાથે વાતચીત કરવા માટે આતુર શાહબાઝ શરીફ

## તમારા ભારત સાથે સારા સંબંધો, કોઈ પણ રીતે ભારતને ચર્ચા કરવા માટે મનાવો : યુએઇના રાષ્ટ્રપતિને શરીફે અપીલ કરી

ઈસ્લામાબાદ,તા.૧૯

શાહબાઝ શરીફે ગયા અઠવાડિયે સંયુક્ત અરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાનને અપીલ કરી હતી કે તે ભારતને પાકિસ્તાન સાથે વાતચીત માટે તૈયાર કરે.

પાકિસ્તાનના અખબાર 'ધ ડોન'એ બુધવારે એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કર્યો છે. રિપોર્ટ અનુસાર શાહબાઝે ઝાયેદને કહ્યું હતું કે ભારત અને વડાપ્રધાન મોદી સાથે તમારા ઘણા સારા સંબંધો છે અને તમે અમારા મુસ્લિમ ભાઈ છો. તો ભારતને અમારી સાથે વાતચીત માટે તૈયાર કરો.ગલ્ફ કન્ટ્રીઝની ન્યૂઝ ચેનલ 'અલ અરેબિયા'એ શાહબાઝનો ઈન્ટરવ્યૂ ટેલિકાસ્ટ કર્યો હતો. બુધવારે તેનો બીજો ભાગ સામે આવ્યો, જેમાં શરીફે ખુદ મોદી અને ભારત સાથે વાતચીત માટે પોતાની આતુરતાની વાત સ્વીકારી છે.


શાહબાઝ ગયા અઠવાડિયે જીનિવાથી પરત ફરતી વખતે યુએઈ ગયા હતા. ત્યાંથી તેમને પૂર રાહત માટે ૧ અબજ ડોલરની લોન પણ મળી. બાદમાં તેમણે અહીં અલ અરેબિયાને ઈન્ટરવ્યૂ આપ્યો હતો. તેનો કેટલોક ભાગ મંગળવારે સામે આવ્યો. તો બુધવારે બીજા ભાગમાં કેટલીક નવી બાબતો સામે આવી.

ઈન્ટરવ્યૂમાં એક સવાલ પર પાકિસ્તાનના વઝીર-એ-આઝમ કહે છે - મેં શેખ નાહ્યાન પાસે મદદ માગી છે. મેં તેમને ભારતને વાતચીત માટે તૈયાર કરવા કહ્યું છે.યુએઈ ભારત સાથે ખૂબ સારા સંબંધો ધરાવે છે અને તે આપણો મુસ્લિમ ભાઈ પણ છે. જો તેઓ ઈચ્છે તો વડાપ્રધાન મોદી અને ભારતને વાતચીત માટે તૈયાર કરી શકે છે. પાકિસ્તાન હવે શાંતિ ઈચ્છે છે અને આ માટે ગંભીરતાથી વાતચીત કરવી જરૂરી છે. મેં શેખ નાહ્યાનને પણ વચન આપ્યું છે કે પાકિસ્તાન હવે સંપૂર્ણ ઈમાનદારી સાથે અને પરિણામ મેળવવા વાતચીત કરવા ઈચ્છે છે.

રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનના વડાપ્રધાને ભલે કોઈ વચન કે અપીલ કરી હોય, પરંતુ યુએઈએ શરીફની વાતને ગંભીરતાથી લીધી નથી. તેના દાખલા કે પુરાવાઓ પણ સામે આવી ચૂક્યા છે.હકીકતમાં ૧૨ જાન્યુઆરીએ મુલાકાત બાદ પાકિસ્તાન અને યુએઈ દ્વારા સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. પાકિસ્તાન માટે શરમજનક બાબત છે કે આ નિવેદનમાં ક્યાંય કાશ્મીર શબ્દનો પણ ઉલ્લેખ નથી. જોકે આ પણ પ્રથમ વખત નથી. અગાઉ સાઉદી અરેબિયાએ પણ સંયુક્ત નિવેદનમાં કાશ્મીર શબ્દનો ઉપયોગ કરવાનું ટાળ્યું હતું. પાકિસ્તાન આ બંને દેશને પોતાનો ઈસ્લામિક ભાઈચારો કહેતા થાકતું નથી.શાહબાઝે ૩ મહત્ત્વની બાબતો કરી હતી જેમાં શાહબાઝે કહ્યું, 'કાશ્મીરમાં માનવાધિકારોનું સતત ઉલ્લંઘન થઈ રહ્યું છે. કલમ ૩૭૦ હેઠળ કાશ્મીરીઓને મળેલા અધિકારો ભારતે છીનવી લીધા છે. ઓગસ્ટ ૨૦૧૯માં ઓટોનોમી નાબૂદ કરવામાં આવી હતી. ભારતમાં લઘુમતીઓ પર અત્યાચાર થઈ રહ્યો છે. આ બધું કોઈપણ ભોગે બંધ થવું જોઈએ, જેથી વિશ્વને સંદેશ જાય કે ભારત વાતચીત માટે તૈયાર છે.'

તેમણે કહ્યું, 'ભારત અને પાકિસ્તાન પડોશીઓ છે અને એકબીજા સાથે રહેવાનું છે. એ આપણા પર છે કે આપણે શાંતિથી સાથે રહીએ, પ્રગતિ કરીએ કે લડતા રહીએ. અમે ભારત સાથે ૩ યુદ્ધ લડ્યાં. આનાથી માત્ર લોકોને ગરીબી અને બેરોજગારી જ મળી. અમે પાઠ શીખી લીધો છે. અમે શાંતિથી રહેવા ઈચ્છીએ છીએ. અમે અમારી વાસ્તવિક સમસ્યાઓ હલ કરવા માગીએ છીએ.'

પાકિસ્તાની પીએએ કહ્યું, 'અમે ગરીબી ખતમ કરવા માગીએ છીએ. અમે સમૃદ્ધિ અને પ્રગતિ ઈચ્છીએ છીએ. અમે અમારા લોકોને શિક્ષણ આપવા માગીએ છીએ, તેમને સ્વાસ્થ્ય સુવિધાઓ



અને રોજગાર આપવા માગીએ છીએ. અમે બોમ્બ અને દારૂગોળા પર અમારાં સંસાધનોનો બગાડ ન કરી શકીએ.' હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ સંદેશ આપવા માગું છું. આપણે બંને પરમાણુ શક્તિઓ છીએ. સંપૂર્ણ રીતે શસ્ત્રોથી સજ્જ છીએ. ભગવાન ન કરે કે યુદ્ધ થાય. જો આમ થશે તો કોણ બચશે ?'

# મુંબઈ-ગોવા હાઈવે પર અકસ્માત, કાર અને ટ્રકની ટક્કરમાં ૯ના મોત

મુંબઇ,તા.૧૯

મુંબઈ-ગોવા હાઈવે પર એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં કાર અને ટ્રક વચ્ચે સામસામે ટક્કર થઈ હતી. જેમાં નવ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે એક ચાર વર્ષનો બાળક ગંભીર રીતે ઘાયલ થયો હતો. ગંભીર અકસ્માતની માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને રાહત કાર્ય શરૂ કર્યું હતું. સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્ત બાળકને કારમાંથી બહાર કાઢી નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. પોલીસ અકસ્માતના કારણની તપાસ કરી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના રાયગઢ જિલ્લાના માનગાંવ નજીક મુંબઈ-ગોવા હાઈવે પર આજે સવારે લગભગ ૫.૩૦ વાગ્યે બની હતી. નવ લોકો ઈકો કારમાં મુંબઈથી ગોવા જઈ રહ્યા હતા. દરમિયાન સામેથી આવતી ટ્રકની હેડલાઈટના પ્રકાશથી કારના ચાલકની આંખો અંજાઈ ગઈ હતી.

જેના કારણે કાર ચાલકે વાહન પરનો કાબુ ગુમાવ્યો હતો અને થોડી જ વારમાં કાર પૂરપાટ ઝડપે આવતા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર તમામે તમામ નવ લોકોના મોત થયા છે. મૃતકોમાં ચાર મહિલાઓ અને પાંચ પુરૂષોનો સમાવેશ થાય છે. જોકે, આ જ કારમાં સવાર ચાર વર્ષનો બાળક ગંભીર રીતે ઘાયલ થયા બાદ પણ બચી ગયો છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

આ પહેલા પણ મુંબઈ-ગોવા હાઈવે પર અનેક અકસ્માતો થઈ ચૂક્યા છે. ખાસ કરીને કોંકણ તરફ જતા રોડ પર દરરોજ અકસ્માતો થાય છે. પરિસ્થિતિને જોતા હાઈવે ઓથોરિટી દ્વારા આ હાઈવે પર સાઈનેજ અને બોર્ડ લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ સ્પીડ પર નિયંત્રણના અભાવે અકસ્માતો ઓછા થઈ રહ્યા છે.

ગયા અઠવાડિયે નાસિક શિરડી હાઈવે પર આવો જ એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૧૦ મુસાફરોના મોત થયા છે, જ્યારે ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

આ ઘટના ઉલ્હાસનગરથી શિરડી સાંઈ બાબા જઈ રહેલા ભક્તો સાથે બની હતી. આ તમામ શ્રદ્ધાળુઓ લક્ઝરી બસમાં મુસાફરી કરી રહ્યા હતા. આ બસમાં ૫૦ મુસાફરો હાજર હતા.

## હવે જો ભાજપના નેતા ખોટા નિવેદન કરશે તો તે વડાપ્રધાન મોદીની બેઈજ્જતી ગણાશે : મુસ્લિમ પર્સનલ લો બોર્ડ

નવીદિલ્હી,તા.૧૯

ભાજપના કારોબારીની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લઘુમતિ સમુદાયને લઇ પાર્ટી નેતાઓને ખોટા નિવેદનથી બચવાની હિમાયત કરી છે.તેના પર મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્ય કમાલ ફારૂકીએ કહ્યું કે મેં હું બોર્ડ તરફથી વડાપ્રધાનના નિવેદનનું સ્વાગત કરૂ છું આશા છે

કે વડાપ્રધાન મોદીના નિવેદનની અસર પડશે જો હજુ પણ ભાજપ નેતા ખોટા નિવેદન કરશે તો તે વડાપ્રધાન મોદીની બેઈજ્જતી કરવા સમાન હશે

કમાલ ફારૂકીએ કહ્યું કે હું ગૃહમંત્રીને પણ નિવેદન કરીશ કે આવા નિવેદન આપનારાઓ સામે પોલીસ કડકાઈથી કાર્યવાહી કરે જો કોઇ મુસલમાન ખોટી નિવેદનબાજી કરે તો તેમના પર કાર્યવાહી અને આવી જ કાર્યવાહી કોઇ હિન્દુની વિરૂધ્ધ પણ થાય.

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બે દિવસીય બેઠક મંગળવારે પુરૂ થઇ તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લઘુમતિ સમુદાયને લઇ અનેક મોટી વાતો કરી તેમણે પાર્ટી નેતાઓને ફાલતુની નિવેદનબાજીથી બચવાની હિમાયત કરી.

ભાજપના વરિષ્ઠ નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ વડાપ્રધાન મોદીના સંબોધનની બાબતે માહિતી આપી હતી.

નકવીએ લઘુમતિઓ પર નિવેદન આપનારા પાર્ટી નેતાઓને લઇ વડાપ્રધાનની ટીપ્પણીની પુષ્ટી કરી.

તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદીએ પહેલીવાર આ સંદેશ આપ્યો નથી વડાપ્રધાન મોદી સતત લઘુમતિઓને લઇ બોલે છે.

અમારા માટે કોઇ લઘુમતિ કે બહુમતિ નથી.

# કેરલમાં ૧૮ નેવી કર્મચારીઓ સહિત ૩૧ લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી

કોચ્ચી,તા.૧૯

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ કેરલના કન્નુરમાં ૨૦૧૬-૧૭ના વર્ષ બાદ આશરે ૪૪ લાખના રૂપિયા નકલી આવકના રિફંડનો આરોપમાં ૧૮ ભારતીય નૌકાદળના કર્મચારીઓ અને કેરળના બે પોલીસ કર્મચારીઓ સહિત ૩૧ વ્યક્તિઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. તપાસ એજન્સીએ આઈટી એક્ટ-૧૯૬૧ની આઈપીસી કલમ ૪૨૦ (છેતરપિંડી), ૧૨૦-બી (ગુનાહિત ષડયંત્ર) અને ૨૭૬ઝ (ટેક્ષ બચાવવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ) હેઠળ એફઆઈઆર નોંધી છે. આ મામલે કેરલના જોઈન્ટ કમિશનર ઓફ ઈક્મ ટેક્સ (ટેક્નિકલ) ટીએમ સુગંથમાલાએ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં, સુગંથમાલાએ આક્ષેપ કર્યો હતો કે કન્નુરમાં મોટો પગાર મેળવનારાઓ ૨૦૧૬-૧૭થી બોગસ રિફંડનો દાવો કરી રહ્યા હતા અને કેટલાક એજન્ટો ફી તરીકે રિફંડની રકમના ૧૦ ટકા વસૂલ કરીને તેમાંથી કેટલાક માટે આવકવેરા રિટર્ન ફાઇલ કરી રહ્યા હતા. એફઆઈઆરમાં સુગંથમાલાએ કહ્યું કે, મૂલ્યાંકન અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી ચકાસણીમાં જાણવા મળ્યું કે આ લોકો વિવિધ કપાત કરીને બોગસ રિફંડનો દાવો કરી રહ્યા હતા, જે ફોર્મ-૧૬માં સામેલ નહોતા.

જો કે, કેટલાક કિસ્સાઓમાં, તેઓએ સ્વીકાર્યું છે કે તેમના દાવા ખોટા હતા અને વ્યાજ સાથે રિફંડની રકમ ચૂકવી દીધી છે. સુગંથમાલાએ કહ્યું કે કુલ ૫૧ પગારદાર લોકોએ કેટલાક એજન્ટોની મિલીભગતથી આવકવેરા રિફંડના ખોટા દાવા કર્યા હતા. આ મામલે કેરલના જોઈન્ટ કમિશનર ઓફ ઈક્મ ટેક્સ ટીએમ સુગંથમાલાએ ફરિયાદ નોંધાવી હતી.તેમણે જણાવ્યું હતું કે, આવકવેરા રિફંડ મેળવનાર ૫૧ કરદાતાઓમાંથી ૨૦ વ્યક્તિઓએ તેમને નોટિસ ફટકાર્યા બાદ વિભાગને ૨૪.૬૨ લાખ રૂપિયા પરત કર્યા હતા. તેણે એ પણ સ્વીકાર્યું કે તેણે આવકવેરા રિફંડનો દાવો કરવામાં ભૂલ કરી હતી. ભારતીય નૌકાદળના ૧૮ કર્મચારીઓ અને કેરળ પોલીસના બે કર્મચારીઓ સહિત બાકીના ૩૧ કરદાતાઓએ ખોટા દાવા કર્યા હતા અને આવકવેરા રિફંડ મેળવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓએ વિભાગને લગભગ ૪૪ લાખ રૂપિયા ચૂકવવાના બાકી છે, જે તેઓએ કથિત રીતે બનાવટી દાવાઓ પર પોતાની પાસે રાખ્યા હતા.

આ મામલે કેરલના જોઈન્ટ કમિશનર ઓફ ઈક્મ ટેક્સ ટીએમ સુગંથમાલાએ ફરિયાદ નોંધાવી હતી. કેરલમાં ૧૮ નેવી કર્મચારીઓ સહિત ૩૧ લોકો વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે, તપાસ એજન્સી ટૂંક સમયમાં તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી શકે છે.

# દિલ્હીમાં શીતલહેરનો ૧૨ વર્ષનો રેકોર્ડ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડમાં માવઠાની વકી

નવીદિલ્હી,તા.૧૯

દેશનાં અનેક રાજયોમાં શીતલહેર છે. હવામાન વિભાગ અનુસાર રાજધાની દિલ્હીમાં શીતલહેરે ૧૨ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.દિલ્હીમાં શીતલહેરનો આઠમો દિવસ હતો, જે છેલ્લાં ૧૨ વર્ષમાં એક મહિનામાં સૌથી વધુ છે. અગાઉ જાન્યુઆરી, ૨૦૨૦માં દિલ્હીમાં ૭ દિવસ સુધી શીતલહેરનો દોર હતો.

હવામાન વિશેષજ્ઞો અનુસાર, ૨૩-૨૪ જાન્યુઆરીએ ઉત્તર ભારતમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ, લદ્દાખ, ઉત્તરાખંડમાં વરસાદની સાથે જ હિમવર્ષા પણ થશે. તેની અસર રાજસ્થાન, પંજાબ, હરિયાણા, દિલ્હી, યુપીમાં જોવા મળશે. ૨૬ જાન્યુઆરીથી ઉત્તર ભારતમાં હવામાન સ્વચ્છ થવાનું શરૂ થશે.

રાજસ્થાનમાં શીતલહેરની વચ્ચે વરસાદ અને કરા પડવાનું એલર્ટ છે. આગામી સપ્તાહે વરસાદની સાથે કરા પડી શકે છે. ૨૩ અને ૨૪ જાન્યુઆરીએ રાજસ્થાન સહિત ઉત્તર અને મધ્ય ભારતના અનેક ભાગમાં માવઠું થવાની સંભાવના છે. ચુરુ, ફતેહપુર, માઉન્ટ આબુમાં સતત પાંચમા દિવસે તાપમાન શૂન્યથી નીચે રહ્યું છે.યુપીના મુઝફ્ફરનગરમાં પારો ૧.૭ ડિગ્રી સુધી ગગડ્યો હતો. જયારે કાનપુરમાં ઠંડીએ ૧૯ વર્ષનો રેકોર્ડ તોડ્યો હતો. ૨૨ જાન્યુઆરીથી વરસાદની પણ વકી છે. હવામાન વિભાગે ૧૫ જિલ્લા માટે રેડ એલર્ટ જારી કર્યું છે.હિમાચલ પ્રદેશમાં આઠ દિવસ સુધી હવામાન ખરાબ રહેવાનું પૂર્વાનુમાન છે. શિમલા સહિત આઠ જિલ્લામાં ૨ દિવસ ભારે વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. ૨૦ જાન્યુઆરી સુધી ચંબા, કુલ્લુ, કિન્નોર, લાહોલ-સ્પીતિ, મંડી અને શિમલામાં વરસાદ-હિમવર્ષાની સંભાવના છે.

## મોદી સરકાર હવે જવાની છે,તેની પાસે ફકત ૩૯૯ દિવસ છે : અખિલેશ

ખમ્મમ,તા.૧૯

સમાજવાદી પાર્ટીના સુપ્રીમો અખિલેશ યાદવે તેલંગણાના ખમ્મમમાં આયોજિત કેસીઆરની પાર્ટી ભારત રાષ્ટ્ર સમિતિની રેલીમાં ભાજપ પર પ્રહારો કર્યા અને કહ્યું કે મોદી સરકાર હવે જવાની છે.હવે તેમની પાસે ફકત ૩૯૯ દિવસ બાકી છે.અખિલેશે ભાજપ પર વિરોધી પક્ષોને પરેશાન કરવાનો અને કિસાનોની સાથે છેંતરપીડી કરવાનો આરોપ લગાવ્યો હતો.

અખિલેશ યાદવે ભાજપ પર કટાક્ષ કરતા કહ્યું કે ભાજપની કારોબારીની બેઠક સમાપ્ત થઇ તેમણે કહ્યું કે ૪૦૦ દિવસ બાકી છે અમને તો લાગતુ હતું કે આ સરકાર તે છે જે દાવો કરતી હતી કે હટીશું નહીં પરંતુ હવે તે સ્વયં સ્વીકાર કરી રહી છે કે હવે ૪૦૦ દિવસ છે જે સરકતાર પોતાના દિવસો ગણવા લાગે તો સમજી લેવું કે આ સરકાર ૪૦૦ દિવસ બાદ રોકાશે નહીં

અખિલેશ યાદવે કહ્યું હતું કે મોદી સરકાર માત્ર પ્રચાર કરી રહી છે. પરંતુ કોઇ કામ કરી રહી નથી તેમણે કહ્યું કે વિરોધ પક્ષોનો અવાજ દબાવવા માટે આવકવેરા,ઇડી સહિતની એજન્સીઓનો ઉપયોગ કરી રહી છે.તેમણે કહ્યું કે કિસાનોને આપેલા વચનો પણ પુરા કર્યા નથી.દેશમાં બેરોજગારી,ભ્રષ્ટ્રાચાર ચરમચીમા પર છે. મોદી સરકાર માત્ર દેશમાં હિન્દુ મુસ્લિમ જ કરી રહી છે.

## સ્ટાલિન કેજરીવાલ મોડલ અપનાવશે,

# આગામી મહીના સુધી તમિલનાડુમાં ૭૦૦થી વધુ મોહલ્લા કલીનિક ખોલશે

ચેન્નાઇ,તા.૧૯

દિલ્હી મોડલની જેમ તમિલનાડુ આરોગ્ય વિભાગ ફેબ્રુઆરી સુધી રાજયભરમાં કુલ ૭૦૮ મોહલ્લા કલીનિક સ્થાપિત કરવાની યોજના બનાવી રહ્યું છે.રાજયના આરોગ્ય મંત્રી મા સુબ્રમણ્યમે એક નિવેદનમાં કહ્યું કે આવામાં ૫૦૦ કલીનિકો પર કામ ખત્મ થઇ ગયું છે અને બાકી પુરૂ થવાની નજીક છે.દરેક મોહલ્લા કિલનિકમાં એક ડોકટર,નર્સ અને ફાર્માસિસ્ટ હશે

તેમણે કહ્યું કે કિલનિક ૧૨ સેવા આપશે,જેમાં અન્ય સેવાઓ ઉપરાંત માતૃ અને શિશુ આરોગ્ય,કિશોર સ્વાસ્થ્ય,સંચારી અને ગેરસંચારી રોગ સેવાઓ,આંખ સંબંધી દેખભાળ,કાન,નાક અને જીભની સારવાર સામેલ છે.દિલ્હીના મોહલ્લા કલીનિકની જેમ બનનાર આ અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેંટર્સને દસ મહીનાની મુદ્દતમાં પુરૂ કરવામાં આવ્યું છે.

એ યાદ રહે કે તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિને એપ્રિલ ૨૦૨૨માં નવીદિલ્હીમાં મોહલ્લા કલીનિકનો પ્રવાસ કર્યો હતો અને જનતાની સેવા માટે આ સંસ્થાનોની પહોંચથી ખુબ પ્રભાવિત થયા હતાં તેમણે તમિલનાડુમાં આ રીતની કલીનિક ખોલવાની જાહેરાત કરી હતી અને તેમની જાહેરાતના એક વર્ષની અંદર તમિલનાડુમાં ૫૦૦ કલીનિક પરિચાલન શરૂ કરવા માટે તૈયાર છે.મોહલ્લા કલીનિકો ઉપરાંત તમિલનાડુ આરોગ્ય વિભાગ સક્રિય રીતે આરોગ્યથી ઘેર ઘેર યોજનાની સાથે સાથે આઘાત અને દુર્ઘટના દેખભાળ યોજનાઓમાં સક્રિય રીતે સામેલ થઇ રહ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# પ્રકૃતિ સાથે છેડછાડના ખતરા

દુનિયાના અનેક હિસ્સામાં આ દિવસોમાં મોસમી ઘટનાઓ જે રીતે ચરમ પર પહોંચી રહી છે, તે ચિંતિત કરનારું છે. તોફાન, પૂર, દુકાળ, બરફવર્ષા, ઠંડી, ગરમી અને ભૂકંપની ઘટનાઓ હવે વિકરાળ રૂપે વારંવાર પ્રકોપ વરસાવી રહી છે. કુદરતનું અંધાધૂંધ દોહન અને શોષણ કરવું હવે આપણા માટે કાળ બનતું જાય છે. વિકાસના નામે પ્રકૃતિના અત્યધિક દોહને માનવ જાતિ સહિત કેટલાય જીવોના જીવન અને અસ્તિત્વ માટે ખતરો પેદા કરી દીધો છે. જાપાનમાં ૨૨૯ સેન્ટીમીટર સુધી બરફવર્ષા કરી છે, ત્યાં જ અમેરિકામાં બરફવર્ષા અને તોફાનોનો દોર ચાલી રહ્યો છે. કેનેડામાં પણ સ્થિતિ ગંભીર છે. ઉત્તર કેનેડામાં ભયાનક ઠંડીને કારણે તાપમાન -૫૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું. ભારતમાં પણ હાલમાં ઉત્તર ભારત ભીષણ ઠંડીની ઝપટમાં છે તો દક્ષિણ ભારતનાં કેટલાંય રાજ્યો કમોસમી વરસાદથી પરેશાન છે.

ગયા વર્ષે કેનેડામાં તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસની નજીક પહોંચી ગયું હતું, જેનાથી સેંકડો લોકોનાં મોત થઈ ગયાં હતાં. જ્યારે કેનેડા તો ઠંડા હવામાન માટે જાણીતું છે. અમેરિકાના પણ કેટલાય રાજ્યોમાં ભીષણ ગરમીથી કેટલાય લોકોના જીવ ગયા હતા. કેનેડા-અમેરિકામાં જ્યાં હીટડોમને કારણે ગરમી તાપ વરસાવી રહી હતી, તો ન્યૂઝિલેન્ડમાં આર્કટિક બ્લાસ્ટથી બરફીલું તોફાન પ્રકોપ વરસાવી રહ્યું હતું. હીટડોમ ગરમ હવાઓનો એક પહાડ હોય છે, જે બહુ ઝડપી હવાની લહેરોના ઉતાર-ચડાવથી બને છે. જ્યારે આર્કટિક બ્લાસ્ટ ત્યારે થાય છે જ્યારે ઠંડીની સિઝનમાં તાપમાન બહુ ઓછું થઈ જતાં ઘણી ઝડપી બરફીલી હવા ચાલવા લાગો છે. તેનાથી આખા વિસ્તારમાં જાડો બરફનો થર જામી જાય છે. તેને આર્કટિક બ્લાસ્ટ કે કોલ્ડ બ્લાસ્ટ પણ કહેવામાં આવે છે.

હવે દુનિયાભરના વિજ્ઞાની એ અનુભવ કરી રહ્યા છે કે આધુનિક વિકાસથી માનવ જાતિ માટે સૌથી મોટો ખતરો પેદા થઈ ગયો છે. તેને કારણે જ આજે શ્વાસ લેવા માટે ના તો શુદ્ધ હવા છે અને ના પીવા માટે સ્વચ્છ પાણી. કેટલીય પ્રકારનાં રસાયણ અને કીટનાશકોને કારણે ખાદ્યાન્ન પહેલેથી જ પ્રદૂષિત થઈ ગયાં છે. હવે હવામાનના બદલાવનું પરિણામ ભોગવવા માટે તૈયાર રહો. છેલ્લા ૪૦-૫૦ વર્ષોમાં આ ધરતીના કેટલાય જીવજંતુ આપણાં કરતૂતોને કારણે વિલુપ્ત થઈ ગયાં છે અને કેટલાય વિલુપ્તિના આરે આવી ગયા છે.

પર્યાવરણમાં કેટલીય ખતરનાક ઘટનાઓ આજે સ્પષ્ટ દેખાઈ રહી છે. દર વર્ષે ૬૦ લાખ હેક્ટર ખેતી યોગ્ય જમીન રણપ્રદેશમાં ફેરવાઈ રહી છે. દર વર્ષે ૧૧૦ લાખથી વધુ હેક્ટર વનો ઉજાડી નાખવામાં આવે છે. છોડની કોઈ એક જાતિના લુપ્ત થવાથી કીટકો, જાનવરો કે અન્ય છોડોની ૧૦થી ૩૦ જાતિઓ વિલુપ્ત થઈ શકે છે. કથિત વિકાસની આ પ્રક્રિયાને જો રોકવામાં નહીં આવે તો મહાવિનાશ નિશ્ચિત છે.

# રેસલર વિનેશ ફોગાટના યૌન શોષણના આરોપ પર ખેલ મંત્રાલયે ડબ્લ્યુએફઆઇ પાસે જવાબ માંગ્યો

## આ મામલો રમતવીરોના કલ્યાણ સાથે સંબંધિત હોવાથી મંત્રાલયે આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લીધી છે



નવીદિલ્હી

ખેલ મંત્રાલયે રેસલરોના આરોપોને ગંભીરતાથી લીધા છે. મંત્રાલય તરફથી રેસલિંગ એસોસિએશનને ૭૨ કલાકની અંદર આરોપોનો જવાબ આપવા માટે નોટિસ મોકલવામાં આવી છે. એક ચોંકાવનારા ઘટસ્ફોટમાં, મહિલા રેસલર વિનેશ ફોગાટ બુધવારે (૧૮ જાન્યુઆરી) રડી પડ્યા અને આરોપ લગાવ્યો કે રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા (ડબ્લ્યુએફઆઇ)ના પ્રમુખ અને ભાજપ સાંસદ બ્રૃજભૂષણ શરણ સિંહ ઘણા વર્ષોથી મહિલા રેસલર્સનું યૌન શોષણ કરી રહ્યા છે. મહિલા રેસલરે તેમને હટાવવા માટે પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીના હસ્તક્ષેપની માંગ કરી હતી.

ખેલ મંત્રાલયે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ફેડરેશનના કામકાજમાં ગેરવહીવટનો ખુલાસો માંગ્યો છે અને તેના પર લાગેલા આરોપો પર આગામી ૭૨ કલાકમાં જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે. ડબ્લ્યુએફઆઇને મોકલવામાં આવેલા પત્રમાં મંત્રાલયે કહ્યું છે કે આ મામલો રમતવીરોના કલ્યાણ સાથે સંબંધિત હોવાથી મંત્રાલયે આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લીધી છે.મંત્રાલયે વધુમાં કહ્યું છે કે જો ડબ્લ્યુએફઆઇ આગામી ૭૨ કલાકમાં જવાબ આપવામાં નિષ્ફળ જશે તો મંત્રાલય રાષ્ટ્રીય રમત વિકાસ સંહિતા, ૨૦૧૧ની જોગવાઈઓ અનુસાર ફેડરેશન સામે કાર્યવાહી શરૂ કરશે. ઉપરાંત, મહિલા રાષ્ટ્રીય કુસ્તી પ્રશિક્ષણ શિબિર જે ૧૮ જાન્યુઆરી, ૨૦૨૩ થી લખનઉમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ૪૧ કુસ્તીબાજો અને ૧૩ કોચ અને સહાયક સ્ટાફ સાથે શરૂ થવાનું હતું તે રદ કરવામાં આવ્યું છે.વિશ્વ ચેમ્પિયનશિપની મેડલ વિજેતા અને ઓલિમ્પિયન વિનેશે દાવો કર્યો કે લખનઉમાં રાષ્ટ્રીય શિબિરમાં ઘણા કોચે પણ મહિલા રેસલરોનું શોષણ કર્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે શિબિરમાં કેટલીક મહિલાઓ છે જે સંઘના અધ્યક્ષના કહેવા પર રેસલરો સાથે સંપર્ક કરે છે. આ ૨૮ વર્ષની રેસલરે પરંતુ પુષ્ટિ કરી છે કે તેણે ખુદ આ પ્રકારના શોષણનો સામનો કર્યો નથી. તેમણે દાવો કર્યો છે કે તેમણે ફેડરેશનના અધ્યક્ષના ઈશારા પર તેના નજીકના અધિકારીઓથી જાનથી મારવાની ધમકી મળી હતી, કારણ કે તેણે ટોક્યો ઓલિમ્પિક બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત દરમિયાન તેમનું ધ્યાન આ મુદ્દા પર આકર્ષિત કરવાની હિંમત દેખાડી હતી. દિલ્હીના જંતર મંતર પર ચાર કલાકથી વધુ સમય સુધી ધરણા પર બેઠા બાદ વિનેશે કહ્યું- હું ઓછામાં ઓછી ૧૦-૧૨ મહિલા રેસલરોને જાણું છું જેણે મને ફેડરેશનના અધ્યક્ષથી થયેલા યૌન શોષણ વિશે જણાવ્યું છે. તેણે મને પોતાની કહાની સંભળાવી. હું અત્યારે તેનું નામ ન લઈ શકું, પરંતુ જો અમે દેશના પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીને મળ્યે તો હું આ નામના ખુલાસા જરૂર કરી શકુ છું.

# પશ્ચિમ બંગાળના બોર્ડ પેપરમાં પીઓકેને આઝાદ કાશ્મીર બતાવાયું, ભારે વિરોધ થયો

## પ્રશ્ન પત્રોમાં ગડબડી થઈ છે અને તેના માટે જવાબદાર લોકોની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.: માધ્યમિક શિક્ષા બોર્ડના અધ્યક્ષ

કોલકતા,તા.૧૯

પશ્ચિમ બંગાળમાં એક પરીક્ષાના ટેસ્ટ પેપરને લઇ મમતા સરકાર વિવાદોમાં ઘેરાઇ ગઇ છે.ધો.૧૦ની બોર્ડની પરીક્ષા પહેલા પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષા બોર્ડના ટેસ્ટ પેપરમાં જમ્મુ કાશ્મીરના એક હિસ્સાને આઝાદ કાશ્મીર લખવા પર ભાજપે મમતા સરકાર પર નિશાન સાધ્યું છે.

હકીકતમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને પાકિસ્તાન આઝાદ કાશ્મીર કહે છે અને પશ્ચિમ બંગાળમાં ધો.૧૦ની પરીક્ષા માટે જારી ટેસ્ટ પેપરમાં તેનો આઝાદ કાશ્મીર તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હકીકતમાં બંગાળમાં ધો.૧૦ની બોર્ડ પરીક્ષાના મોડલ પ્રશ્ન પત્રથી જોડાયેલ એક ફોટો સોશલ મીડિયા પર વાયરલ થઇ ગયો છે.ટેસ્ટ પેપરની આ તસવીરમાં છાત્રોથી નકશા પર આઝાદ કાશ્મીરને પસંદ કરવા માટે કહેવામાં આવ્યું છે.તેને લઇ હવે રાજનીતિક વિવાદ શરૂ થઇ ગયો છે.વિરોધ પક્ષ ભાજપે જયાં તેને એક જિહાદી કાવતરૂ ગણાવ્યું છે જયારે સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસ ટીએમસીએ તેનો એક ભુલ બતાવતા સ્પષ્ટ કર્યું છે કે તે તેને સમર્થન આપતી નથી

પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષા બોર્ડના અધ્યક્ષ રામાનુજ ગાંગુલીએ સ્વીકાર કર્યો હતો કે સ્વાયત એકમ દ્વારા પ્રકાશિત મોડલ પ્રશ્ન પત્રોમાં ગડબડી થઇ છે અને તેના માટે જવાબદાર લોકોની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.ગાંગુલીએ કહ્યું કે અમે અલગ અલગ સ્કુલો દ્વારા આપવામાં આવેલ પ્રશ્ન પત્રોનું સંકલન પ્રકાશિત કર્યું છે.આવા જ એક પ્રશ્ન પત્રમાં તેની ભુલની માહિતી મળી.

મામલાની તપાસ કરવામાં આવી રહી છે અને સંપાદકીય ટીમના તે સભ્યોની વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.જેમણે મોડલ પ્રશ્ન પત્રની પ્રુફ રીડિંગનું કામ સોંપવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે બોર્ડની વેબસાઇટ પર સોશિધત પ્રશ્ન પત્ર જારી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે અને ભુલમાં સામેલ લોકોને છોડવામાં આવશે નહીં.

# પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે તૈયારીઓ જોરસોરથી ચાલી રહી છે

નવીદિલ્હી,તા,૧૯

ભારતમાં ૭૪માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે તૈયારીઓ જોરસોરથી ચાલી રહી છે. ૨૬મીં જાન્યુઆરીએ કર્તવ્ય પથ પર ભવ્ય પરેડનું આયોજન કરવામાં આવનાર છે ત્યારે હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે આ વર્ષે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ૫૦ એરક્રાફ્ટ કર્તવ્ય પથ પરેડ કરશે. જેમાં નેવીનું આઈએલ-૩૮ પણ સામેલ હશે.

સુત્રોના જણાવ્યા અનુસાર, આ વખતે વીઆઈપી સીટોમાં કાપ મુકવામાં આવ્યો છે અને સામાન્ય લોકો માટે ૩૨ હજાર સીટો ફાળવવામાં આવી છે. આ મુદ્દે રક્ષા સચિવ ગિરધર અરમાને મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે, જનભાગીદારીના વિઝનને પ્રતિબિંબિત કરતી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. કોવિડને ધ્યાનમાં રાખીને સીટોની સંખ્યા એક લાખથી ઘટાડીને ૪૫ હજાર કરી દેવાઈ છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર,વીઆઈપી બેઠકોની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કર્તવ્ય પથ પર સીટિંગ પ્લાનમાં સીટોની સંખ્યા ઘટાડીને ૪૫ હજાર કરવામાં આવી છે. આમાંથી ૩૨ હજાર બેઠકો આ વર્ષે સામાન્ય લોકો માટે ઉપલબ્ધ હશે. કુલ બેઠકોની ૧૦ ટકા બીટિંગ રિટ્રીટમાં ઓનલાઈન બુકિંગ માટે ઉપલબ્ધ છે.

# કુંડા ધારાસભ્ય અને બાહુબલી ધારાસભ્ય રાજા ભૈયાનો ભક્તિમય અવતાર જોવા મળ્યો



લખનૌ,તા.૧૯

ઉત્તરપ્રદેશના ચર્ચિત નેતા અને બાહુબલી ધારાસભ્ય રઘુરાજ પ્રતાપ સિંહ ઉર્ફે રાજા ભૈયાનું એક નવું રૂપ સામે આવ્યું છે.હકીકતમાં તેમનો ભક્તિમય અવતાર સામે આવ્યો છે.સોશલ મીડિયા પર રાજા ભૈયાની કેટલીક તસવીરો વાયરલ થઇ રહી છે.આ તસવીરોમાં રાજા ભૈયા પુજા પાઠ કરતા જોવા મળી રહ્યાં છે.આ તસવીરો ગંગાસાગરની છે જયાં રાજા ભૈયા પુજા પાઠ કરી રહ્યાં છે.

વાયરલ તસવીરો મકરસંક્રાતિ પ્રસંગની હોવાનું કહેવાય છે.

રાજા ભૈયા ગંગાસાગરની રેતમાં એક ઝુંપડીની સામે બેઠા છે.આ દરમિયાન તે શંખ વગાડી રહ્યાં છે અને અગરબત્તી પ્રગટાવેલી છે.રાજા ભૈયાનો આ ભક્તિમય અવસાર સોશલ મીડિય પર ખુબ વાયરલ થઇ રહ્યો છે.રાજા ભૈયા જમીન પર એક ચટાઇ પર બેઠા છે આ ઉપરાંત એક અન્ય તસવીર પણ વાયરલ થઇ રહી છે.આ તસવીર તેમના સેરસપાટાની છે.

બીજી વાયરલ તસવીરમાં રાજા ભૈયા પોતાના પિતરાઇ ભાઇ ધારાસભ્ય અક્ષય પ્રતાપ સિંહ અને પોતાના સમર્થકોની સાથે મતદાન કરતા જોવા મળી રહ્યાં છે.આ તસવીરોમાં રાજા ભૈયા પોતાના ભાઇની સાથે બેઠા છે જયારે કેટલાક સમર્થક બેઠેલા છે તો કેટલાક ઉભા રહ્યાં છે.સોશલ મીડિયા પર રાજા ભૈયાની તસવીરોને પોસ્ટ કરતા તેમના સમર્થક લખી રહ્યાં છે કે ધારાસભ્ય પસંદ કરવા હોય તો ધાર્મિક ધારાસભ્યને પસંદ કરો

એ યાદ રહે કે ૨૦૨૨ વિધાનસભા ચુંટણી દરમિયાન કુંડા વિધાનસભા બેઠક ચર્ચાનો વિષય બની હતી હકીકતમાં અહીંથી વર્ષો બાદ સમાજવાદી પાર્ટીના ઉમેદવાર ઉભો રાખ્યો હતો જયારે સામે રાજા ભૈયા હતાં જો કે રાજા ભૈયાની એકવાર ફરીથી કુંડામાં સરળતાથી જીત થઇ અને સપા ઉમેદવારને હારનો સામનો કરવો પડયો હતો. સમાજવાદી પાર્ટીના નેતા અને ધારાસભ્ય શિવપાલ સિંહ યાદવ લગભગ એક મહિના પહેલા કુંડા પ્રવાસ પર હતાં આ પ્રવાસ ખુબ ચર્ચિત રહ્યો હતો કારણ કે આ રાજા ભૈયાના પ્રભાવવાળો વિસ્તાર છે અને દત ૩૦ વર્ષોથી અહીંથી તે ધારાસભ્ય તરીકે ચુંટાઇ આવે છે.

મુલાયમસિંહ યાદવના નિધન બાદ શિવપાલ યાદવે સમાજવાદી પાર્ટીમાં વાપસી કરી હતી અને પોતાની પાર્ટી પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીનું વિલય કરી દીધુ હતું.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

# સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: ક્રૂડ તેલમાં નરમાઈનો માહોલ

## બિનલોહ ધાતુઓ, મેન્થા તેલના વાયદામાં ઘટાડો: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૫૭૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૬૨૪૭ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૨૮ કરોડનાં કામકાજ




મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૧૩,૩૧૪ સોદાઓમાં કુલ રૂ.૧૪,૮૫૨.૧૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૫૭૭.૭૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૬૨૪૬.૮૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૧,૧૦૪ સોદાઓમાં કુલ રૂ.૪,૯૧૬.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૩૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૪૮૫ અને નીચામાં રૂ.૫૬,૨૪૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૨ વધી રૂ.૫૬,૩૩૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૬૧ વધી રૂ.૪૫,૧૮૭ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯ વધી રૂ.૫,૫૬૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૨૯૯ના ભાવે ખૂલી, રૂ.૮૧ વધી રૂ.૫૬,૩૦૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૦૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૨૨૧ અને નીચામાં રૂ.૬૭,૭૨૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૯ ઘટી રૂ.૬૭,૯૪૮ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૭૪ ઘટી રૂ.૬૮,૦૬૭ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૫૧ ઘટી રૂ.૬૮,૦૬૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૮૪૩ સોદાઓમાં રૂ.૨,૧૦૬.૩૬ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૧૫ ઘટી રૂ.૨૧૮.૬૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૦.૫૦ ઘટી રૂ.૨૮૯ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫.૭૦ ઘટી રૂ.૭૬૮.૯૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ ઘટી રૂ.૧૮૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૯૬૪ સોદાઓમાં કુલ રૂ.૧,૫૪૪.૫૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૪૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૪૨૧ અને નીચામાં રૂ.૬,૩૫૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૦૮ ઘટી રૂ.૬,૪૦૨ બોલાયો હતો, જયારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૦ ઘટી રૂ.૨૭૩.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૭૧ સોદાઓમાં રૂ.૧૦.૭૪ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૬૦ ઘટી રૂ.૧૦૧૯ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૦૯.૬૨ કરોડનાં ૩,૯૧૫.૬૪૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૭૦૬.૪૪ કરોડનાં ૩૯૭.૩૪૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૫૮૫.૦૫ કરોડનાં ૯,૧૦,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૯૬૦ કરોડનાં ૩,૫૬,૩૨,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૦.૭૪ કરોડનાં ૧૦૪.૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૭૨૩.૫૨૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૬૯.૦૨૪ ટન, ક્રૂડ તેલમાં ૫૪૦૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૨૪૯૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૮૨.૦૪ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૭.૫૮ કરોડનાં ૩૫૪ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૫૮૨ના સ્તરે ખૂલી, ૨૨ પોઈન્ટ ઘટી ૧૫,૫૮૦ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૬,૨૪૬.૮૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૯૮.૮૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૫.૫૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૫૨૦.૬૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૭૮૯.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૬૬.૯૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૦ અને નીચામાં રૂ.૨૬૫.૪૦ રહી, અંતે રૂ.૫૩.૫૦ ઘટી રૂ.૨૮૨ થયો હતો.

જયારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૫.૬૫ અને નીચામાં રૂ.૩.૭૫ રહી, અંતે રૂ.૦.૯૦ ઘટી રૂ.૪.૭૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૨ અને નીચામાં રૂ.૫૭ રહી, અંતે રૂ.૧૦ વધી રૂ.૭૨ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪ ખૂલી, ઊપરમાં રૂ.૮૮ અને નીચામાં રૂ.૫૪ રહી, અંતે રૂ.૧૬ વધી રૂ.૮૨.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૧૪૯ ખૂલી, ઊપરમાં રૂ.૧,૨૩૦ અને નીચામાં રૂ.૧,૦૭૫ રહી, અંતે રૂ.૮૩.૫૦ ઘટી રૂ.૧,૧૩૪.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૪.૬૦ અને નીચામાં રૂ.૧૦.૭૫ રહી, અંતે રૂ.૦.૪૦ વધી રૂ.૧૧.૪૫ થયો હતો. જયારે ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૧.૪૦ અને નીચામાં રૂ.૧૨૦ રહી, અંતે રૂ.૨૮.૩૦ વધી રૂ.૧૩૮.૨૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૮.૫૦ અને નીચામાં રૂ.૧૦૧ રહી, અંતે રૂ.૨૬.૫૦ ઘટી રૂ.૧૨૫.૫૦ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૪ અને નીચામાં રૂ.૧૦.૫૦ રહી, અંતે રૂ.૦.૫૦ વધી રૂ.૨૩ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭૬૩ ખૂલી, ઊપરમાં રૂ.૮૩૫ અને નીચામાં રૂ.૭૦૭ રહી, અંતે રૂ.૭૬.૫૦ વધી રૂ.૭૯૨ થયો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**: NOG SS No : 120**

વિષય: પરિવાર
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : મારો પરિવાર
શબ્દો : ૭૪

★મારો પરિવાર★

મારું આખું વિશ્વ એજ મારો પરિવાર,
સૌ શાંતિથી રહે એ જ મારો પરિવાર.
સબકો સન્મતિ દેજો મારા ભગવાન,
વેરઝેર ભૂલી સંપથી રહે મારો પરિવાર.
આખા જગતમાં શાંતિનો ડંકો વાગે,
એવા સમયની રાહમાં જીવે મારો પરિવાર.
ગરીબ-તવંગર સૌ એક સમાનતા ભોગવે,
ભેદભાવો ભૂલી હેતપ્રેમથી રહે મારો પરિવાર.
ધર્મને નામે થાય અનેકવાર કોમી રમખાણો,
સર્વધર્મ સમભાવ સમજી જીવે મારો પરિવાર.
બિનસાંપ્રદાયિકતાથી આ દુનિયા ચલાવીએ,
★રમા★ વિવિધતામાં એકતાથી રહે મારો પરિવાર.

ડૉ રમીલાબેન ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:**

વિષય:- "આદર્શ ઘર પરિવાર અને લગ્ન જીવન "
પ્રકાર: ગદ્ય
શીર્ષક :- મારી હકીકત
શબ્દ સંખ્યા -:૩૪૦

પિયરેથી માંડવો ઓછાવીને

સાસરીમાં સંયુક્ત કુટુંબમાં હું નાની વહુ, પરિવારમાં કુલ દસ સભ્યો, થોડાંક જ સમયમાં દૂધમાં સાકરની જેમ ભળી ગઈ, કારણકે પરિવારમાં

સૌનો પ્રેમ અને હુંફ મળતાં મને
ખૂબ સારું લાગ્યું.
મારા સાસુ સસરાએ મને ઘણો

સ્નેહ આપ્યો. મારા બાળપણમાં જ માતાનું અવસાન થતાં મને કેળવણી મળવી જોઈએ તે નહોંતી મળી, કુંભાર જેમ માટીને ગુંદી ગુંદીને ચાકડે ચડાવીને ઘડીને આકાર આપે એવાં જ જતનથી મારા સાસુએ મને ઘડી. તેઓનો મારા પ્રત્યેનો પ્રેમ અને મારી કાળજીને કારણે મને સાસુનાં સ્વરૂપે મારા માતાના દર્શન થયા. મને પિયરમાં રહેતી હોય તેમ અનુભૂતિ થતી.

બધાં સાથે ગોઠી ગયું. રોજ બા

દિવાબત્તી કરીને પાઠ બોલતાં હોય, મારી સખી સમાન મારી બે નણંદ, ભાભી ભાભી

બહાર જવાનું થાય ત્યારે તેઓ મને તૈયાર કરતાં, રાત્રીનું ભોજન

સૌ સાથે કરતાં. મારા જેઠ જેઠાણી પણ મને સ્નેહથી રાખતાં,તેઓની દિકરીઓ કાકી

કાકીની માળા જપતાં, હું પણ તેઓની સાથે રમીને રમાડતી.

ઘરનાં તમામ કામ સૌ સાથે મળીને કરતાં, જેથી કોઈ એક પર બધો બોજ ન આવે.

પરિવારમાં સંપ છે એટલે

દુનિયા જીતી જવાય. મારા મહેંકતુ લગ્ન જીવન જાણે મોગરાની સુગંધ, હા ખરેખર મને

મોગરાનો ગજરો બહું જ ગમે.
મારા પતિ લગભગ રોજ મારા માટે ગજરો લાવે જ, મારું મન
મોહી લેતાં. મારા પતિને બહાર
ફરવાનાં, ખાવાનાં શોખીન પછી

મારે શું ચિંતા ? તેઓનાં શોખને કારણ, ભારત અને વિદેશમાં ઘણું ફર્યાને ફરતાં રહીશું

લગ્ન બાદ બે વર્ષ પછી મારી કુખે અવતર્યુ એક ફુલ જે કહેવાયું લક્ષ્મીજીનું કુળ, અમારા

લગ્ન જીવનનું ફુલ, મારો સંસાર
વધારે ખીલ્યો. જીવનનાં પથ પર
ઘણા વળાંક આવ્યાં અમે પાર કરતાં ગયાં.

સંજોગવસાત અમારે સંયુક્ત પરિવારમાંથી નોખા થવું પડ્યું.

પરંતુ સૌનો સ્નેહ આજેય અકબંધ છે. અમારા કપરાં સમયમાં બધાં જ સાથે હોય છે.

બીજુ શું જોઈએ !

બીજીવાર મને " મા" બનવાનો અવસર મળ્યો ને મેં દિકરીને જન્મ આપ્યો. તેઓનાં ઉછેરમાં

ભણતર અને ગણતરનાં પાઠ શીખવ્યા. આજે બન્ને દિકરીઓ
સાસરીમાં સુખી છે .
કહેવાય છે કે એક દિકરીની "મા" રાણી અને બે દિકરીઓની "મા"
મહારાણી, હું મહારાણીની જેમ
રહું છું

ઈશ્રવરની કૃપાથી જે વિચાર્યુ ન હતું તે સઘળું સુખ મારી ઝોળીમાં આપ્યું. હવે કોઈ તૃષ્ણા નથી. મન તૃપ્તિનો અનુભવ કરે છે.

કિર્તી પારેખ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS NO:0032**

વિષય: આદર્શ ઘર, પરિવાર , લગ્ન જીવન.
શીર્ષક: ★લગ્ન જીવન★

એક દિવસ પણ ભગવાનને નહીં ભૂલનાર હું , સાચા ધરમને મારગે આગળ વધનાર હું....સુખ દુઃખનો સાથી બનીને જિંદગીનાં દરેક વળાંકે, દરેક જવાબદારીઓમાં ભગવાનનાં સાથ સહકાર સાથે આજે સંસારરુપી નાવને મધદરિયેથી કિનારે ક્યારે લાવ્યો તેની ખબર જ ના રહી...

બધા દિવસો એક સરખા હોતા નથી. દુનિયાની આંટીઘૂંટીમાં ફસાયેલો માનવી ભૌતિક સુખ માટે આંધળી દોટ મૂકે છે. અને એમા સાચા સુખનાં દિવસો ગૂમાવે છે...

જીવન જીવવા જીવનદોરી આપણે જાતે નક્કી કરવી પડે છે.જીવનની ચડતી પડતી બહુ નજીકથી જોઈ છે.ઋણાનુબંધ ઘણા. વિટંબણાઓ સાથે સમય પસાર કરવો...

મારા સંસારમાં મોતીને એક બીજામાં પરોવીને રાખી કઠિન સમય પસાર કર્યો. ક્યારેય

નાસીપાસ ન થનાર હું અને મારી મીનુ. બાળકોનાં સાનિંધ્યમાં ક્યાં સવાર અને ક્યાં સાંજ....

જીવનની પગદંડી પર મારી અર્ધાંગીનીનો સાથ... એની મીઠી બોલી અને મીઠી મીઠી વાતોથી હું જિંદગી જીવી ગયો અને જીતી ગયો...

મારી જીવનની લીલીછમ વાડી અને હર્યુભર્યુ ઘર જોઈ મારી આંખો ઠરે છે.આજે ભગવાને દીધેલું અઢળક સુખ છે.જીવનનું બીજુ નામ મસ્તી જિંદગી ક્યારે પૂરી થઈ જશે એની ખબર જ નથી. ભગવાનનો , મારી પ્રેમાળ પત્નીનો અને મારા પૂ.સાકર બાનો હું ખૂબજ આભારી છું.કે જિંદગીનાં દરેક સોપાન સર કરવામાં સાથ આપ્યો છે. એમના વિના જિંદગી જીવવી કપરી છે.

જયશ્રીકૃષ્ણ........
મીના માંગરોલીયા મીનુ.
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG.SS.NO.0095***

★વિષય★ :- ★ઘર પરિવાર અને લગ્નજીવન★
★પ્રકાર★ :- ★લેખ★
★શીર્ષક★ :- ★ઘર કોને કહેવાય?★
★શબ્દો★ :- ૪૯૦
★રચના★ :--

"ઘર અને મકાન" આ બેઉ શબ્દો પહેલી નજરે આપણને એક જ લાગે. પરંતુ સરખા લાગતા આ બંને શબ્દોનો અર્થ ઘણી બધી ગહન વાત સમજાવી જાય છે.

હવે વાત આવે "મકાનની". તો આપણે જ્યારે ઘરનું ઘર કે ભાડાનું ઘર લેવા કે જોવા માટે જઈએ ત્યારે પ્રથમ તો એમ જ કહીશું કે "મકાન" જોવા ગયા હતા. હા આ " મકાન " એટલે સિમેન્ટ, ઈંટ , રેતી , માટી , કપચી થી બનેલી ચાર દીવલો અને છત ! આને "ઘર" કહેવાય નહીં.

હવે આ "મકાન" "ઘર"ક્યારે બને ?

તો જ્યારે કોઈ પરિવાર એમાં રહેવા માટે જાય. એમનો પરસ્પરનો પ્રેમભાવ એ મકાનમાં અનુભવાય. બાળકોનો કિલકિલાટ હોય, સાંજ પડ્યે બાળકો પિતાની રાહ જોતાં હોય તો વળી વડીલો સંતાનોની સતત ચિંતા કરતા હોય અને નોકરી કે કામધંધેથી થાકીને વ્યક્તિ જ્યારે ઘરે આવે ત્યારે એમને એક સંતોષનો વિસામો કે આરામ મળે ત્યારે એને "ઘર" કહેવાય.

"ઘર" તો એક એવો સુંદર અને મીઠો મધુરો શબ્દ છે ને કે જે અંદરોઅંદરનાં પ્રેમભાવ થી બને છે. જે છતની નીચે તમામ પરિવારજનો ભેગા મળીને બેસે છે. એકબીજાની કદર કરીને સંબંધો નિભાવે છે , વિકસાવે છે. એને જ ઘર કહેવાય. આપણે ગમે ત્યાં મહિનો બે મહિના માટે બહાર ગયા હોય પછી જ્યારે પોતાના ઘરે આવીએ છીએ ત્યારે જ સંતોષની લાગણી અનુભવીએ છીએ. એટલે જ કહેવાય છે કે "ધરતીનો છેડો ઘર."

મકાન ને વેચી કે ખરીદી શકાય છે. જ્યારે ઘરને વેચી કે ખરીદી શકાતું નથી. કેમકે ઘરમાં આપણા સ્વજનોની યાદ સમાયેલી હોય છે તો આપણું બાળપણ, જવાની, પ્રોઢાવસ્થા, કે વૃદ્ધાવસ્થાની યાદો પણ ઘરની એકેક દીવાલો સાથે જોડાયેલી હોય છે. ઘરમાં આપણને સુખ શાંતિ નો અનુભવ થાય છે. એટલે જ આપણે આપણા ઘરને જીવ થી પણ વધારે પ્રેમ કરીએ છીએ. ઘરમાં બાળકો અને પરિવાર સાથે રહેતા હોવાથી બાળકોમાં સારા સંસ્કારનું સિંચન થાય છે. વધુ અભ્યાસ અર્થે ઘર પરિવારથી દૂર રહેતા સંતાનો ઉચ્ચ શિક્ષણ તો મેળવી લે છે. પરંતુ તેમને "મા" ની મમતા કે દાદા - દાદીનો પ્રેમ નથી મળતો. સારા સંસ્કારોથી એ વંચિત રહી જાય છે. પરિવારની ભાવના કે કૌટુંબિક સંબંધો થકી પરિવારનાં સદસ્યોનું મહત્વ સમજી શકતા નથી. જે લોકો સંયુક્ત પરિવારમાં રહે છે એમનું સ્વાસ્થ્ય સારું રહે છે તો આયુષ્ય પણ વધે છે. કુટુંબ પ્રત્યે સ્નેહભાવ વધે છે. આ ઘર બને છે કોનાથી ? પરિવારથી જ તો ! પરિવાર કેવી રીતે બને છે ? તો એ બને છે સુખી લગ્નજીવનથી. લગ્નજીવનનો આધાર પરિવાર ઉપર જ છે તો પરિવારથી જ એક આદર્શ "ઘર " બને છે. પરિવારના સભ્યોને માન - સન્માન આપીશું , એમને નજીક લાવવાનો પ્રયત્ન કરીશું, પ્રેમ થી અને વિશ્વાસથી એમનું મન જીતીશું તો આપણું જીવન આનંદિત બનશે અને પરિવાર ખુશખુશાલ બનશે. આમ ઈંટ, માટી, રેતી, સિમેન્ટ ,કપચી થી બનેલું મકાન એક સુસંસ્કૃત પરિવારનાં ગુંજનથી એક આદર્શ ઘર બની જાય છે.

આમ સુખી ★લગ્નજીવન★ હોય તો ★પરિવાર★ સુખી , પરિવાર સુખી તો જ એક સુખી ★ઘર★ બને છે.

"અગનપથ જેવી કેડીએ ચાલી હતી, આગળ જતાં સુંદર બાગ-બગીચા જોયા. કંટકો વચ્ચે હસતાં ખીલતાં પુષ્પો જોયા. જીવનપથની તપતી ધરતી પર જાણે ઘર - પરિવારનાં સાથ સહકારથી ★તાપસી★ તુજને જીવનરૂપી નવા શ્વાસ મળ્યા.

★લેખિકા★ ★દીપિકા ચાવડા તાપસી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO.:0101**

વિષય:ઘર પરિવાર અને લગ્નજીવન
પ્રકાર:પદ્ય-કાવ્ય
★શીર્ષક:★ઘર એક મંદિર★
શબ્દો: ૪૫

ઘર એક મંદિર,
મારા પરિવારમાં બિરાજે પ્રભુ.
તે યશોદાના કુંવર,
મારી હથેળીમાં રમે પ્રભુ.
મોર મુગટ બંસીધર,
મનમંદિરમાં મ્હાલે પ્રભુ.
હરિ સેવા કરું સુંદર,
હવે ભરથાર મારે પ્રભુ.
આનંદઘન રાધાવર,
રોમેરોમમાં વિહરે પ્રભુ.
કર્યું સઘળું ન્યોચ્છાવર,
નયનતરસ ઠારે પ્રભુ.
'ભરત'નાં ભાગ્ય સધ્ધર,
ઘરમંદિરમાં બિરાજે પ્રભુ.

★ભરત સાંગાણી★
૧૯/૦૧/૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0063**

વિષય - પરિવાર
પ્રકાર - ગદ્ય
શબ્દો - ૧૭૬
શીર્ષક - 'શર્મિલા'

લેપટોપની સ્ક્રીનના શટડાઉન બટન પર પ્રેસ કરી, શર્મિલાને આખાં દિવસમાં પહેલી વખત ઘડિયાળમાં જોવાનો સમય મળ્યો.

'ઓહોહો...છ વાગી ગયાં!' એ ચમકી.

એનાં મગજની બારીમાં ઘર પરિવારે ટકોરા માર્યા.

ઝપાટાભેર લેપટોપ બંધ કરતી, એ માનસિક રીતે લગભગ ઘરે પહોંચી ચૂકી હતી.

અને...

'શર્મિલામેડમ, સર તમને એમની ઓફિસમાં બોલાવે છે.' શંભુનુ આ વાક્ય એને હથોડાની જેમ માથામાં વાગ્યું.

શરીરે પાંખો ફૂટી હોય એમ હવામાં ઊડતી, એ ઓફીસની બહાર નીકળી.

'સમીરને હમણાં જ ફોન કરું?

ના..ના... ઘરે જઈને જ સરપ્રાઈઝ આપું.' વિચારતી એ ઓફિસમાં જે સામે મળે એને ખુશી સમાચાર આપતી પવનવેગે ઘરે પહોંચી.

બહારથી જ..."સમીર, મમ્મી, ડેડી..,શાલિન...ગુ...ડ ન્યૂઝ ફ્રોમ માય સાઈડ...' એણે બૂમ પાડી.

'આવી ગઈ...શાલિનને બપોરથી સખત તાવ છે. ચાલો,એને તાત્કાલિક દવાખાને લઈ જઈએ.'

મમ્મી સોફા ઉપરથી ઊભાં થયાં.

'પણ...

બપોરથી તાવ હતો, તો સમીર તો ઘરે જ હતો! ને..' મારાં વાક્યને વચ્ચેથી જ કાપતાં...

મમ્મી બોલ્યા, ' પણને બણ.. બધું પછી.. પહેલાં તું શાલિનને લઈ લે..અને સમીર...એને બિચારાને તો માંડ એક દિવસ રજા મળે...'

શર્મિલાએ ચાવી ઘુમાવી ક્લચ અને એક્સિલીરેટરને બેલેન્સ કરતાં ગાડી સ્ટાર્ટ કરી.

- રીટા ભાયાણી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog ss:- 0038**

વિષય :-ઘર ,પરિવાર ને લગ્નજીવન
વિભાગ :- પદ્ય
શીર્ષક :-એક સ્ત્રીની આશ......

મારે તો બસ તારા થોડા સ્નેહની તરસ છે
તારી આગળ તો મારે સોનુ પણ પિત્તળ છે.
તું વરસાવે પ્રેમને મારે તારા થકી મહેકવું છે,
સાચવી ઘરનું આંગણ ને ફૂલ બની ખીલવું છે.
ભૂખ મને હોટલમાં જમવાની ક્યાં હોય છે?
મારી સાથે બેસી જમે એટલીજ મને ભૂખ છે.
બહારથી ભલે કઠણ કાળજું મેં રાખ્યું છે,
મારુ કાળજું લાગણીથી હરપળ પીંગળે છે.
બે પરિવારની દીકરી બની ફરજ સદા નિભાવવી છે.
ના પુરીશ પાંજરે ખુલ્લા આકાશે ઉડવાની આશ છે.

શીલાપટેલ "આકાંક્ષા"

---

એક છોકરી

એક છોકરી મને,
નજરથી,
ઘૂંટડે ઘૂટડે,
પીવે છે.
એક છોકરી,
નવલકથાના
પૃષ્ઠની
જેમ,
ટુકડે ટુકડે,
જુવે છે!
એક છોકરી,
મારી આંગળીઓને,
મેગીની જેમ,
બુકડે બુકડે,
જમે છે!!
એક છોકરી,
જીવવા મરવાના કોલ કરે છે,
પછી પ્રેમની ઈમારત પર,
કૂચડે કૂતડે કલર,
કરે છે!!

ભરત વૈષ્ણવ
૧૯.૧.૨૦૨૩.

---

## ક્રાઉડ મેનેજમેન્ટ અને ગુનેગારોનું ઇન્ટ્રોગેશન કરવા કોબ્રા ખરીદવાના શ્રી ગણેશ કરો!!

કાયદો વ્યવસ્થાની જાળવણી કરવાનું કોમ તમામ દેશોમાં પડકારજનક છે.જુદાજુદા પ્રકારના પ્રસંગોએ ધીરજની કસોટી થાય મગજનું ( અલબત મગજ હોય તો!! કેટલાક લોકો પોલીસને માઇન્ડલેસ ગણે છે.) દહીં થઇ જાય છે. રાજુ રદી જેવા આળવીતરા મગજના દહીંની છાશ થઇ કે નહીં તેવો ફાલતું સવાલ પૂછતા હોય છે.

પોલીસને પનારો સામાજિક કે અસામાજિક લોકો સાથે હોય છે. જો કે ,?અસામાજિક તત્વો સાથે પનારો વધારે રહે છે. પછીથી માત્ર કપડાં અને યુનિફોર્મનો તફાવત રહે છે. હિન્દી ફિલ્મવાળાઓએ વર્ધીવાળા ગુંડા જેવી ફિલ્મો પણ બનાવી છે!!

પોલીસને જાતજાતના ગુના અને ગુનેગાર સાથે કામ કરવાનું રહે છે. પ્રથમવાર ગુનો કરનાર એમેચ્યોર ટાઇપના ગુનેગારને થર્ડ ડીગ્રીના ટોર્ચરની બીક રહે છે. પોલીસના ઇન્ટ્રોગેશનમાં વટાણા વેરી દઇને ગુનો કબુલી લે છે. જ્યારે કોર્ટમાં પૂછપરછ થાય તો પોલીસના મારને લીધે ગુનો કબુલ કરેલ છે એવું કહીને માટલી ચીરે છે. પ્રોફેશનલ ટાઇપના રીઢા કહી શકાય તેવા ગુનેગારને ઉંધા લટકાવીને ફટકારો, બરફની પાટ પર સુવડાવો, મરચાની ભૂકી છાંટો કે ગમે તેવું ટોર્ચર( થર્ડ ડીગ્રી ટોર્ચર માટેની અમારી કલ્પના મર્યાદિત છે, જે સિરિયલની કે ફિલ્મો જોઇને વિકસિત થયેલ છે. થર્ડ ડીગ્રીની વિગતો જાણતા હોય તો અમારું જ્ઞાન સમૃદ્ધ કરવા વિનંતી છે. માત્ર સૈધ્ધાંતિક જ્ઞાનની વાત છે. કોઇ પણ લોકઅપમાં પ્રેકટિકલ જ્ઞાન મેળવવાની ઈચ્છા નથી.

ટોળાંને વિખેરવા કોઇક રાજ્યે સ્ટીલની લાઠી લીધી હતી. નેતરની સોટીઓ, બર્બર બુલેટ, પ્લેટ ગન, વગેરેની ખરીદી કરે છે વોટર કેનનની મદદથી ભીડ તિતરબિતર કરે છે. ટીયરગેસ છોડે છે. એક આંદોલનમાં હાઇ વે ખોદીને લોખંડના સળિયા લગાડ્યા હતા. નોનલેથલ વેપન ખરીદે છે!!

સીસીટીવીના નેટવર્કથી સર્વેલન્સ કરે છે એલએમજી ગન, રાઈફલ ખરીદે છે!!!

ગુનેગાર ગુનો કબુલ કરે તે માટે લાઇ ડિરેક્ટર, પોલોગ્રાફિક ટેસ્ટ ન જાણે કયાં કયાં સાધનો, સોફટવેર વસાવે છે

જાવાના ટાપુ પરના બેકાસી ગામની પોલીસ રીઢા ગુનેગારો પાસેથી સચ ઉગલાવવા માટે અને દેખાવકારોને વિખેરી નાંખવા એક અમોઘ શસ્ત્ર-બ્રહ્માસ્ત્રને અજમાવવાનું વિચારી રહ્યા છે.એ શસ્ત્ર છે કોબ્રા. હા આપે બરાબર વાંચ્યું છે!! મસ્ત સ્ફૂર્તિલો કોબ્રા લોકઅપ કે ઇન્ટ્રોગેશન સેનેટરમાં છોડી દો અને ચમત્કાર જુઓ. ગુનેગાર આળપંપાળ કે સુધારાવાદને લાયક થોડા? હોય છે! ચમત્કાર કરો તો જ નમસ્કાર કરે. લાતો કે ભૂત બાતોસેં થોડી માને છે.કોબ્રાને જુએ એટલે પઢેલા પોપટની જેમ સત્ય બોલવા માંડે છે!! આ જ રીતે સૂત્રોચ્ચાર કરતી મેદનીને લાઠી ચાર્જ કર્યા વગર તિતરબિતર કરવા માત્ર એક કોબ્રા પર્યાપ્ત છે!! એક કાંકરે બે પક્ષીના શિકાર કરવા જેવું બહુપયોગી છે!!!સાધનસામગ્રી કે આર્મસ એમ્યુનિશનની ખરીદી માટે એકસ, વાય ઝેડ ઝેડ સિકયુરિટી માટે કરોડો રૂપિયા ખર્ચ કરવાના બદલે બસ-ત્રણસો, અરે પાંચસો-હજાર કોબ્રા ખરીદીને ક્રાઉડ મેનેજમેન્ટ અને ઇન્ટ્રોગેશન કરવાના શ્રી ગણેશ કરો!!

ભરત વૈષ્ણવ
૧૯.૩.૨૦૨૨,#હાસ્યલેખ

---

## ભારતમાં ઈસ્લામિક શાસન સ્થાપનાનો હેતુ ધરાવતા કોઈ સંગઠનને મંજૂરી ન આપી શકાય

નવી દિલ્હી,તા.૧૯

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ઍફિડેવિટ દાખલ કરીને સિમી (સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઑફ ઈન્ડિયા) પરના પ્રતિબંધને યોગ્ય ગણાવ્યો છે. કેન્દ્ર સરકારે અદાલતમાં જણાવ્યું હતું કે ભારતમાં ઈસ્લામિક શાસન સ્થાપવાના હેતુ ધરાવતા કોઈ પણ સંગઠનને અસ્તિત્વમાં રહેવાની મંજૂરી ન આપી શકાય. સરકારે વધુ જણાવ્યું હતું કે આવાં સંગઠનોને આપણા બિનસાંપ્રદાયિક સમાજમાં સ્થિર થવા દઈ શકાય નહીં. કેન્દ્ર સરકારે સિમી પરના બૅનને પડકારતી એક અરજીના સંબંધમાં આ ઍફિડેવિટ ફાઈલ કરી હતી.

જસ્ટિસ સંજય કિશન કૌલના નેતૃત્વવાળી બેન્ચ દ્વારા ગઈ કાલે આ ઍફિડેવિટ પર વિચાર કરવામાં આવ્યો હતો. સિમીના એક ભૂતપૂર્વ સભ્ય દ્વારા યુએપીએ (અનલૉફુલ ઍક્ટિવિટીઝ પ્રિવેન્શન ઍક્ટ) હેઠળ રચવામાં આવેલા એક પંચ દ્વારા મૂકવામાં આવેલા પ્રતિબંધને પડકારતી અરજી કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારે એની ઍફિડેવિટમાં દલીલ કરી છે કે 'સિમીનાં લક્ષ્યાંકો દેશના કાયદાની વિરુદ્ધ છે. આ સંગઠનનો હેતુ ઈસ્લામના ફેલાવા તેમ જ 'જેહાદ' માટે સપોર્ટ મેળવવા માટે સ્ટુડન્ટ્સ અને યુવાનોને એકત્ર કરવાનો છે.'જેમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે અનેક વર્ષોથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં સિમી જુદાં-જુદાં સંગઠનો દ્વારા સતત ગેરકાયદે પ્રવૃત્તિઓ કરે છે. ૨૭મી સપ્ટેમ્બર ૨૦૦૧થી આ સંગઠન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં સિમીના ઍક્ટિવિસ્ટ્સ મળી રહ્યા છે, કાવતરાં રચી રહ્યા છે, હથિયારો અને વિસ્ફોટક સામગ્રી મેળવી રહ્યા છે અને ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતાને જોખમમાં મુકાય એવી ઍક્ટિવિટીઝ કરી રહ્યા છે.

# માર્ગ અકસ્માત દરમ્યાન ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને 'ગોલ્ડન અવર' માં મદદ કરનાર પાંચ વ્યક્તિઓને' ગૂડસમરીટનએવોર્ડ' થી સન્માનિત કરાયા

ગાંધીનગરઃ ગુરૂવારઃ
માર્ગ અકસ્માત દરમ્યાન ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને ગોલ્ડન અવર માં હોસ્પિટલ કે ટ્રોમા કેર સેન્ટરમાં પહોંચાડનાર પરોપકારી વ્યક્તિઓને પ્રોત્સાહિત કરવા સ્કીમ ઓફ એવોર્ડ ટુ ગૂડ સમરીટન એવોર્ડ આપવામાં આવે છે. આજે ગાંધીનગર જિલ્લામાં આવી ઉમદા કામગીરી કરનાર પાંચ વ્યક્તિઓને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા માર્ગ અકસ્માત દરમ્યાન ઘવાયેલા વ્યક્તિઓને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ કે ટ્રોમા કેર સેન્ટરમાં પહોચાડનાર પરોપકારી વ્યક્તિને ગૂડ સમરીન એવોર્ડથી સન્માનિત કરવા આ યોજના અમલી બનાવી છે. આજે રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે આ યોજનાનું રીલોન્ચીંગ કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પ્રવિણા ડી.કે.ના અધ્યક્ષ સ્થાને આ એવોર્ડ સન્માન સમારંભ સમિતી ખંડ, કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ સમારંભમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષભાઇ મકવાણા, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન શ્રી જસંવતભાઇ પટેલ, ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શ્રી તરૂણ દુગલ સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં ગાંધીનગર જિલ્લામાં આ પ્રકારની ઉમદા કામગીરી કરનાર ભાઇલાલભાઇ ડી. વણઝારા, દિલીપભાઇ પ્રજાપતિ, શંકરસિંહ કિશોરસિંહ જાડેજા,યોગેન્દ્રસિંહ દિલીપસિંહ વાઘેલા, મૌસીન મહંમદખાન પઠાણને આ એવોર્ડથી મહાનુભાવાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ બાદ ગાંધીનગર જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઇ હતી. આ બેઠકના આરંભે આર.ટી.ઓ. અધિકારી શ્રી નિરવ બક્ષીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટનાઓ ઓછી કરવા માટે ૧૦ બ્લેક સ્પોટ નક્કી કરવામાં આવ્યા છે.જેમાં વૈષ્ણદેવી સર્કલ નજીક, ચિલોડા- હિંમતનગર રોડ- છાલા બસ સ્ટેન્ડ પાસે, ચિલોડા- નરોડા રોડ- વલાદ પાટિયા, નરોડા- દહેગામ રોડ, વડોદરા બસ સ્ટોપ-૧, કલોલ- મહેસાણા રોડ- છત્રાલ પુલ, માણસા- ગાંધીનગર રોડ- ગાયત્રી મંદિર, ગાંધીનગર- અમદાવાદ રોડ ભાઇજીપુરા પાટિયા, કોબા સર્કલ- પાટિયા, કલોલ- મહેસાણા રોડ બિલેશ્વરપુરા કટની બાજુમાં, માણસા- મહેસાણા રોડ વિહાર થી ચડાસણાની બાજુમાં, ચિલોડા- નરોડા લવારપુર બસ સ્ટોપને બ્લેક સ્પોટ તરીકે નક્કી કરવામાં આવ્યા છે.

તેમણે આ બેઠકમાં ચ- ૬ સર્કલ નજીક સ્કૂલ વાનને થયેલ અકસ્માત પાછળનું કારણ પણ રજૂ કર્યું હતું.

આ પ્રકારના અકસ્માત આ સર્કલ પર ન થાય તે માટે આ સર્કલ મોટું બનાવવાની જરૂરી છે. તેમજ બમ્પ પણ બનાવવો જરૂરી છે. તે ઉપરાંત પદાધિકારીઓ તરફથી માર્ગ અકસ્માતના બનાવો ઘટાડવા માટે પોતાના સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ શ્રી અરૂણભાઇ બુચસહિત આમંત્રિત મહાનુભાવો- સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

'બેટીબચાવો, બેટીપઢાવો' સપ્તાહની ઉજવણી અંતર્ગત

# ગાંધીનગર તાલુકાની ૧૦ અનાથ દીકરીઓને શૈક્ષણિ કકીટનું વિતરણ જિલ્લા કલેક્ટરશ્રીના હસ્તે કરાયુ

**ખેલ મહાકુંભમાં વિવિ ઘર મતમાં ભાગ લઇ વિજેતા બનેલી પાંચદી કરીઓને ટ્રોફી અને શાલ ઓઢાડી સન્માન કરતાં કલેક્ટરશ્રી**

ગાંધીનગરઃ ગુરૂવારઃ
ગાંધીનગર જિલ્લામાં તા. ૧૮ થી ૨૪ મી જાન્યુઆરી, ૨૦૨૪ દરમ્યાન બેટી બચાવો, બેટી પઢાવો સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર તાલુકાની ૧૦ અનાથ દીકરીઓને જિલ્લા કલેક્ટર શ્રી પ્રવિણા ડી.કે.ના હસ્તે શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. દીકરા- દીકરી વચ્ચે ભેદ ન રહેતેવી જાગૃત્તિ લોકોમાં આવે તેવા ઉમદા આશયથી સરકાર દ્વારા બેટી બચાવો બેટી પઠાવો અભિયાન અમલી બનાવવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત હાલમાં તા. ૧૮ જાન્યુઆરી થી તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન બેટી બચાવો, બેટી પઢાવો સપ્તાહની



ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર તાલુકામાં સરકારી શાળામાં અભ્યાસ કરતી ૧૦ અનાથ દીકરીઓને શૈક્ષણિક કીટનું વિતરણ જિલ્લા કલેક્ટરશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાં કુલ- ૪૩ અનાથ દીકરીઓ અભ્યાસ કરી રહી છે. જેમાં કલોલ તાલુકામાં ૧૨, દહેગામ તાલુકામાં ૧૪ અને માણસા તાલુકામાં ૭ દીકરીઓ અભ્યાસ કરે છે. જેમને પણ આ કીટ આપવામાં આવી છે. આ શૈક્ષણિક કીટમાં સ્કુલ બેગ, કલેક્યુલેટર, પેન ડ્રાઇવ, પાણની બોટલ, રાઈટીંગ પેડ, પાઉચ અને અન્ય ચીજ વસ્તુઓ આપવામાં આવે છે. તે ઉપરાંત દીકરી સપ્તાહની ઉજવણી અંતર્ગત આજે ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભમાં વિવિધ રમતોમાં ભાગ લઇ વિજેતા બનેલ પાંચ દીકરીઓનું સન્માન જિલ્લા કલેક્ટરશ્રીના હસ્તે ટ્રોફી અને શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું.

# ઇંડિયન સોસાયટી ઓફ વેટરનરી સર્જરીની ૪૫મી વાર્ષિક કોનફેરેન્સ નાગપુર ખાતે યોજાઇ

**સમગ્ર ભારતમાંથી ૪૫૦ થી વધુ પશુચિકિત્સકોએ ભાગ લીધો. સમસ્ત મહાજનનો સહયોગ. ગિરીશભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિ**

ઈન્ડિયન સોસાઈટી ઓફ વેટરનરી સર્જરીની ૪૫મી વાર્ષિક કોન્ફરન્સ, નાગપુર વેટરનરી કોલેજ ખાતે ૧૧ થી ૧૩ જાન્યુઆરીના રોજ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સર સંઘ ચાલક મોહન ભાગવતીજીએ વિષેશ ઉપસ્થિત રહી પોતાના આશીર્વાદ આપ્યા હતા.

આ કાર્યક્રમમાં ગિરીશભાઈ શાહ – મેનેજિંગ ટ્રસ્ટી , સમસ્ત મહાજન , સભ્ય –એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કોન્ફરન્સને સંબોધતા ગિરીશભાઈ શાહે જણાવ્યું હતું કે , ભારતમાં પ્રાણીઓની સંખ્યા ખૂબ જ વધુ છે જેની સામે પશુચિકિત્સકોની સંખ્યા ઘણી ઓછી છે.




પ્રાણીઓ અને પક્ષીઓની કાળજી લેવા માટે વધુ ઉપચાર કરવા માટે વધારે પશુ ચિકિત્સકની જરૂર છે.

પશુચિકિત્સકો જે અબોલ પશુ પક્ષીઓની સારવાર કરે છે તેમને આપણે માન.

આપવું જોઈએ તેઓ લાચાર પ્રાણી મિત્રોની સંભાળ રાખવાનું મુશ્કેલ કામ કરે છે. ઈન્ડિયન સોસાઈટી ઓફ વેટરનરી સર્જરીની ૪૫મી વાર્ષિક કોન્ફરન્સમાં સમગ્ર ભારતમાંથી ૪૫૦ થી વધુ પશુચિકિત્સકોએ ભાગ લીધો હતો.

# કોરોનાના કપરા કાળમાં તબીબી ક્ષેત્રે નિર્ભયતાથી તથા નિઃસ્વાર્થભાવે કાર્ય કરનાર ડૉક્ટરોના સન્માનના ભવ્ય કાર્યક્રમનું આયોજન

(બોરીવલી-કાંદિવલી) ,
પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) દ્વારા વિવિધ સમાજ સેવાના કાર્યોના ૭૦મો વાર્ષિકોત્સવ નિમીત્તે રવિવાર તા. ૮.૧.૨૦૨૩ રોજ સંગીત સંધ્યા એક પ્રયાસ... ભાગ-૩ તથા કોરોનાના કપરા કાળમાં તબીબી ક્ષેત્રે નિર્ભયતાથી તથા નિઃસ્વાર્થભાવે કાર્ય કરનાર ડૉક્ટરોના સન્માનના ભવ્ય કાર્યક્રમનું આયોજન ભુરાભાઈ આરોગ્ય ભુવન મેદાન, શાંતીલાલ મોદી, કાંદિવલી (પ.) ખાતે કરવામાં આવ્યું હતું.


કાર્યક્રમમાં ગુજરાતી, હિંદી ગીતો તથા લોક સાહિત્યની રજુઆત સુપ્રસિદ્ધ તેમજ નવોદિત કલાકારો ચેતન ગઢવી, અલકા મંદાકીની, પ્રિયા ચવ્હાણ, બીજલ દત્તાણી, પકંજ કક્કડ, સૌરવ ગઢવી, માધવી બચ્ચાણી અને વૈભવ સાગર દ્વારા કરવામાં આવી હતી. સંગીતસંચાલન ચેતન ઉપાધ્યાય તથા નીલ પંચાલ અને કાર્યક્રમનું સંચાલન મેધા અંતાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ ઘણો લોકરંજન રહ્યો હતો જેમાં લગભગ ૨૦૦૦ રસિક પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય અતિથીચારકોપ કાંદિવલીના લોકલાડીલા વિધાન સભ્ય શ્રી યોગેશ સાગરનું સ્વાગત સંસ્થાના ટ્રસ્ટીઓ વિનોદભાઈ વોરા અને શ્રીનવનીત શાહ તથા પ્રમુખશ્રી મુકેશભાઈ દોશી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ સભ્ય શ્રી ગોપાલભાઈ શેટ્ટી હાજર રહીપ્રેરણા આપી હતી. સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખ-ટ્રસ્ટી શ્રી મુકેશ દોશીએ કર્યય હતું. તેમજ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી નવનીતભાઈશાહએ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. વિધાન સભ્ય શ્રી યોગેશ સાગર દ્વારા ડૉક્ટરો શ્રી ઉમેશ ખન્ના, શ્રીગિરીશ ત્રિવેદી, શ્રી મોહન ચૈનાની તેમજ સહયોગી દાતા શ્રીમતી પ્રફુલાલબેન શાહ તથા શ્રી મનિષ




ગુપ્તાનું (મે. મરેલી મધરસન) સન્માન કરવામાં આવ્યું હતું.શ્રી યોગેશ સાગરે સમસ્ત કલાકારોની સરાહના કરી હતી. કોરોના કાળમાં સમાજ સેવા કરનાર ડોક્ટરોના સન્માનની પહેલ કરવાબદલ તથા કળા ક્ષેત્રમાં નવોદિતોને આગળ આવવા મોકો આપવા બદલ તેઓશ્રીએ પ્રગતિ મિત્ર મંડળના ટ્રસ્ટીઓ તથાપદાધિકારોને બીરદાવ્યા હતા.

આભાર વિધી સંસ્થાના માનદ્ મંત્રી શ્રી ભાવેશભાઈ મેહતાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના ટ્રસ્ટી શ્રી રાજભાઈકવા, શ્રી નિતીન નથવાણી તથા સમિતી સભ્ય શ્રી બિજલભાઈ દત્તાણી દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યવાહક સમિતીના સભ્યોએ સૌનો આભાર માન્યો હતો.



# મુખૌટે આટે ગેલરી ફાઉન્ડેશન દ્વારા કલા પ્રદર્શન ખુલ્લુ મુકાયું

## નવા કલાકારો ને પ્રોત્સાહન મળે એ મુખ્ય ઉદ્દેશ.....

મુખૌટે કિએટીવ આટૅ ફાઉન્ડેશન કલા કલાકારો અને હસ્ત કલાને પ્રોત્સાહન આપવા માટે નું કાયૅ કરી રહ્યું છે જેમાં કલાકારો ને પોતાની કુશળતા પ્રદર્શિત કરવા માટે અનેરો ઉત્સાહ પુરો પાડી કલા ને પ્રદર્શીત કરવા માટે વિવિધ પ્રવૃતિઓ કરી રહ્યું છે આ ફાઉન્ડેશન માં ૩૦૦ થી વધુ નામાંકિત આટિસ્ટો રાજય અને રાજય બહારના જોડાયેલા છે તારીખ ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ આટૅ ગેલરી નવરંગપુરા અમદાવાદ ખાતે ખુલ્લી મુકવામાં આવી છે જેમાં ૩૦ જેટલા કલાકારો ની ૬૦ કૃતિ પ્રદર્શિત કરવામાં આવી છે જેમાં વોલ પેનટીગ ફેમ થી લયને માટીકલા ની આબેહૂબ કૃતિઓ મૂકવામાં આવી છે આ પ્રદશૅન તારીખ ૨૪ જાન્યુઆરી સુધી ચાલનારુ છે.મૂખૌટે કીએટીવ આટૅ ફાઉન્ડેશન નાં સ્થાપક અને જાણીતા આર્ટિસ્ટ કુમારી નિલુ પટેલ અને કોકીલા જી પટેલ એ



જણાવ્યું હતું કે નવોદિત ચિત્રકારો ને એક મંચ મળી રહશે સાથે જાણીતા સિનિયર આર્ટિસ્ટ ની કલા એક સાથે એક જ જગ્યાએ થી નિહાળી શકાય છે એ ઉદ્દેશ સાથે આ ગેલેરી ને ખુલ્લી મૂકી તમામ આર્ટિસ્ટ ને પ્રોત્સાહન અને પ્રોત્સાહીત કરવાનું શ્રેષ્ઠ કાર્ય મૂખૌટે ફાઉન્ડેશન કરી રહ્યું છે.....

રીપોર્ટ.... અહેવાલ.. હિરેન પ્રજાપતિ...

# મોરબીમાં જ્વેલર્સની શોપમાં બે મહિલાએ વેપારીની નજર ચૂકવી ૨.૫૦ લાખના દાગીનાની ચોરી



મોરબી,તા.૧૯
પોલીસની ઠંડી ઉડાડવા અને દોડતી જ રાખવાનું તસ્કરોએ નક્કી કરી લીધું હોય એમ શિયાળો શરૂ થવાની સાથે જ ચોરી, લૂંટની ઘટનાઓ સામે આવી રહી છે. મોરબી શહેરની સોનીબજારમાં જવેલર્સની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલી બે મહિલાએ વેપારીની નજર ચૂકવી અઢી લાખની કિંમતની સોનાની ૧૦ જોડી બૂટીની ચોરી કરી નાસી ગઈ હતી. આ મહિલાઓએ આંખના પલકારામાં જ સોનાની બૂટીઓથી ભરેલું આખું બોક્સ ઉઠાવી લીધું હતું. બનાવ મામલે પોલીસે ફરિયાદ નોંધી CCTVના આધારે વધુ તપાસ ચલાવી છે.

મોરબીના રવાપર ઘુનડા રોડ પર શ્રીજી હાઈટ્સના બ્લોક નં.૧૦૩માં રહેતા હાર્દિક ધીરેન્દ્રભાઈ રવેશિયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે ગત તા. ૧૫ના રોજ તેઓ અને તેના કાકા અલ્કેશ રવેશિયા સોનીબજારમાં આવેલી અંબાજી જવેલર્સ નામની દુકાને હતા.

ત્યારે બપોરે ત્રણેક વાગ્યાની આસપાસ બે મહિલા ગ્રાહક તરીકે આવી હતી અને કાનની બૂટી લેવાનું કહેતાં કાકાએ મહિલાઓને સોનાની બૂટી વારાફરતી બતાવી હતી. બૂટી જોઈને બાદમાં જતી રહી હતી. આ મહિલાઓએ દુકાનમાંથી કોઈ ખરીદી કરી ના હતી.

# દાંડી થી દિલ્હી સુધીની એનસીસી મોટરસાયકલ રેલીને પ્રસ્થાન કરાવતા મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ




અમદાવાદ,તા.૧૯
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આત્મનિર્ભર ભારતની સૉલ્ટથી સોફ્ટવેર સુધીની યાત્રાના પ્રતિકરૂપે દાંડી થી દિલ્હી સુધીની ૧૩૦૦ કિલોમીટરની જાવા-યેઝ્દી મોટરસાયકલ રેલીમાં ભાગ લઈ રહેલા એનસીસી કેડેટ્સને ગાંધીનગર થી દિલ્હી જવા પ્રસ્થાન કરાવ્યું હતું.એન સી સી ની સ્થાપનાના ૭૫ મા વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાત, દાદરા-નગર હવેલી, દમણ અને દીવના એનસીસી નિદેશાલય દ્વારા સાબરમતી આશ્રમથી દાંડી સુધીની સાયકલ રેલીનું આયોજન કરાયું હતું. સાયકલ રેલીના એનસીસી કેડેટ્સ દાંડી પહોંચ્યા હતા, જ્યાં દાંડીથી દિલ્હી સુધીની મોટરસાયકલ રેલીના કેડેટ્સ જોડાયા હતા અને દાંડીમાં એનસીસીના આ યુવાનોએ મીઠું બનાવ્યું હતું. ગુજરાતના ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ ઈન્ફોર્મેટિક્સ-બાયસેગ દ્વારા એનસીસીનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે.રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ આ અગાઉ ગાંધીનગરમાં રાજભવન ખાતે યોજાયેલા એક સમારોહમાં મીઠું અને સોફ્ટવેર એનસીસી કેડેટ્સને અર્પણ કર્યા હતા. હવે આ સોલ્ટ અને સોફ્ટવેર લઈને ૩૦ કેડેટ્સ મોટરસાયકલ રેલી રૂપે નવી દિલ્હી પહોંચશે અને તારીખ ૨૮મી જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને આ સોલ્ટ અને સોફ્ટવેર અર્પણ કરશે.

મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલે આ રેલી ને ગાંધીનગરથી દિલ્હી જવા ગુરુવારે સવારે ફ્લેગ ઓફ કરાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર ભાઇ મોદીની પ્રેરણા અને માર્ગ દર્શન માં આત્મનિર્ભર ભારતે સૉલ્ટથી સોફ્ટવેર સુધી સોળે કળા એ વિકાસ કર્યો છે ત્યારે એનસીસીના યુવાનો આ સંદેશા સાથે મોટરસાયકલ રેલી રૂપે જ્યાં-જ્યાં પણ જશે ત્યાંના યુવાનોમાં નવી ચેતના, નવી સ્ફૂર્તિ અને નવા જોશનો સંચાર કરશે એવી શુભેચ્છા ઓ મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલે પાઠવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.